# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

પથ્થરને થયું કે લાવ પ્રભુ બનું
અણીદાર ટાંકણે ટંકાવુ પડ્યું

ફૂલને થયું કે લાવ ગજરો બનું
સોયની અણીએ વિંધાવું પડ્યું

માટીને થયું કે લાવ ઘડો બનું
કુંભારના ચાકરે ચડવું પડ્યું

સોનાને થયું કે લાવ ઘરેણું બનું
ધખતી આગમાં તપવું પડ્યું

લોહાને થયું કે લાવ તલવાર બનું
લુહારના એરણે ટીપાવું પડ્યું

નદીને થયું કે લાવ સાગર ને મળું
પહાડોની વચ્ચે રઝળવુ પડ્યું

- ટી. કે .વાઘેલા

## પાથેય

- રમેશ ઠક્કર

# અભાવો સામે ઝઝૂમવાની ખુમારી

કમનસીબી ઘણાના કિસ્મતમાં જ લખાયેલી હોય છે..કહેવાય છે ને કે ભાગ્યશાળીને ભૂત રળે..મુસીબતોનો એ સહજ સ્વભાવ હોય છે કે એ અમુક માણસોને જ સતત સતાવતી રહે છે..માણસ એનાથી બચવા પ્રયત્ન કરે તો પણ એ એને શોધી લેતી હોય છે..એની એક બીજી ખાસિયત એ પણ છે કે એ જયારે પણ આવે છે એકલદોકલ નથી આવતી..એ હંમેશાં સમૂહમાં જ આવે છે..કેટલાક લોકો આવા સમયે ગભરાયા વગર ધીરજથી કામ લેતા હોય છે..ઘણા બેબાકળા થઈ જાય છે..એક સુભાષિતમાં કહેવાયું છે એમ કે વિપદ પડે ના વલખીએ..વલખે વિપદ ના જાય..વિપદમાં સતત ઉદ્યમ કરવાથી જ એને ટાળી શકાય છે..એનો અર્થ એટલો જ કે કોઈપણ સમસ્યા સામે ઝૂકી જવાને બદલે જો આપણે એનો મક્કમતાથી સામનો કરીએ તો એ લાંબુ ટકી નથી..આ માટે સૌથી મહત્વપૂર્ણ બાબત હોય તો એ ધીરજ છે..

જગતમાં જાતજાતના માણસો જીવે છે..જીવન છે તો એમાં ઉતારચઢાવ સહજ છે..એક જ પ્રકારની મુસીબત કોઈ એક માણસને તબાહ કરી નાખે છે..એમાંથી ઉભા થવું એને માટે શક્ય નથી..એવી જ પરિસ્થિતિ અન્ય કોઈ માણસ માટે ઘડતર નો સમય બની જાય છે..એનો અર્થ એ થયો કે આપત્તિ સામે મહત્ત્વની બાબત આપણો લડાયક અભિગમ હોય છે.કોઈ માણસ એવો નહીં હોય જેના ઉપર કોઈ આફત ના આવી હોય..આપણે મોટાભાગે આપણી અડચણોને જ મોટી ગણતા હોઈએ છીએ..જો આપણે આસપાસ નજર કરીએ તો આપણા જેવા અનેક લોકો જોવા મળે છે જે સતત સંઘર્ષ કરતા રહે છે..અને કઠીન સંજોગો વચ્ચેથી રસ્તો કાઢતા રહે છે..એવું પણ કહેવાય છે કે જે ડરે છે એને જ બધા ડરાવતા હોય છે..અડગ મનના મુસાફરને કોઈ રસ્તો રોકી શકતો નથી..

ઘણીવાર તકલીફો કરતાં એની પાછળ થતા વસવસાના કારણે એ વધારે ભયાવહ લાગે છે.દુઃખોનાં ભલે ઓવારણાં ના લઈએ પરંતુ એનાં રોદણાં પણ ના ગાવાં જોઈએ..આપણી નિષ્ફળ કથાઓમાં જગતને શું રસ હોય ? માણસ જો સતત પોતાની મુસીબતોનો કકળાટ કરતો રહે તો લોકો એનાથી દૂર ભાગતા રહે છે..અને પરિણામે એને ઉપહાસ સિવાય કશું જ મળતું નથી..આપણા પ્રશ્નોનો ઉકેલ જો આપણે નથી લાવી શકતા તો બહારના લોકોને એમાં કોઈ દિલચસ્પી હોતી નથી..વિપદ એટલે આમ તો કંટકો જ છે..આપણે એને ધીરજ થકી પુષ્પો બનાવવાની કળા હસ્તગત કરવી પડે છે.અને એટલું જ માત્ર અપેક્ષિત નથી..એ પુષ્પોમાંથી આપણને આવડે એવી ફૂલદાની પણ બનાવવી પડે છે..એવી ફૂલદાની એ જ માણસનો સાચો મિજાજ બની જતી હોય છે..

# પડકારોને ઠોકર મારીને, અનેક ચેલેન્જિંસ સ્વીકારીને સફળ થનારા સંજય ચક્રવર્તી

**પહેલું કિરણ**
**રમેશ તન્ના**



આ કોલમ જે અખબારમાં પ્રકાશિત થઈ રહી છે તે ગાંધીનગર સમાચારના તંત્રીકૃષ્ણકાંત જહાએ ઈતિહાસ સર્જ્યો છે.



તેમણે શારીરિક મર્યાદાઓને અતિક્રમીને એક સત્ત્વશીલ અખબાર પ્રકાશિત કર્યું તો સાથે સાથે ગાંધીનગર કલ્ચરલ ફોરમના નેજા હેઠળ સાંસ્કૃતિક આબોહવા ઊભી કરી. આ લેખમાં તેમની વાત નથી કરવી પણ એટલું કહેવું છે કે અનેક ખાસ વ્યક્તિ એવી હોય છે જે ખરેખર દિવ્યાંગ હોય છે. ભગવાને તેમને દિવ્ય અંગ આપ્યાં હોય છે. આવો તમને અમદાવાદના એક સંજય ચક્રવર્તીનો પરિચય કરાવું.

જો જો શ્રી સંજયભાઈ ચક્રવર્તીનું જીવન-કવન જોઈએ તો લાગે છે કે ખરેખર જીવન જીવવાનો મિજાજ અને રૂઆબ તો આવો જ હોવો જોઈએ. કોણ છે આ સંજયભાઈ ચક્રવર્તી ?

જે લોકો અમદાવાદની વિશ્વખ્યાત સંસ્થા એએમએ (અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન)ના મુલાકાતી હશે, કોર્પોરેટ વિશ્વના **Communication** તથા **Advertising** વિશ્વથી પરિચિત હશે તેમને સંજયભાઈનો પરિચય આપવાની જરૂર નહી પડે. શ્રી સંજયભાઈ **ESSKSEE Consultancy (Pronounced as SKC Consultancy)** નામની કંપનીના **Founder & Chief Markªing Communication Advisor** છે. આ ઉપરાંત તેઓ

**ENTREPRENUER, MENTOR, AUTHOR , COLUMNIST, TEDX SPEAKER** અને **QUIZMASTER** છે.

તેમનું નામ લિમ્કા બુક ઓફ રેકોર્ડસમાં નોંધાયું છે તો અનેક લોકોની કારકિર્દી ઘડવામાં, અરે જીવન ઘડતરમાં પણ તેમનું નોંધપાત્ર પ્રદાન રહ્યું છે. અનેક યુવાનોના તેઓ પથદર્શક રહ્યા છે. તેમને અનેક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય એવોર્ડ-સન્માન મળ્યાં છે. શારીરિક મર્યાદાઓને અતિક્રમીને વ્યક્તિ કેટલી સફળ વ્યવસાયી બની શકે, માનસિક શક્તિઓને ઉજાગર કરીને કોઈ વ્યક્તિ કેટલો ઉમદા માણસ બની શકે તેનું શ્રેષ્ઠ, રસપ્રદ અને પ્રેરક ઉદાહરણ છે સંજયભાઈ ચક્રવર્તી.

તેમનો જન્મ ઉદેપુરમાં. માતાનું નામ સાધનાબહેન અને પિતાનું નામ નરેશચંદ્ર. કોલેજ કરીને અમદાવાદ આવ્યા અને અહીં જ રોકાઈ ગયા. જોબના ભાગરૂપે ગુજરાત ફર્યા છે, પણ તેમની કર્મભૂમિ તો અમદાવાદ જ. તેઓ અમદાવાદ અને ગુજરાતને હૃદયથી ચાહે છે. કહે છે, હું ગમે ત્યાં જાઉં પણ અમદાવાદને સતત યાદ કરું. અમદાવાદે તેમને અને તેમણે અમદાવાદને મનભરીને ચાહ્યાં અને પરસ્પર આદાન-પ્રદાન પણ કર્યું. ધાર્યું બને તેના કરતાં અણધાર્યું બને તેનું નામ જિંદગી. જીવન સરસ રીતે ચાલતું હોય અને અચાનક એવી આંધી આવે કે વર્ષોની મહેનત કરીને જેનું નિર્માણ કે સર્જન કર્યું હોય તેને નષ્ઠ કરી દે, અથવા એવું બને કે તમને એવી સ્થિતિમાં મૂકી દે કે તમે સ્તબ્ધ થઈ જાઓ, ડઘાઈ જાવ. ચોમેર સરસ ઉજાસ હોય અને અચાનક એવું ઘોર અંધારું થઈ જાય કે તમને કોઈ દિશા જ ના સૂઝે. એવા વખતે જ કાળા માથાના માનવીને સાચી કસોટી થતી હોય છે.

શ્રી સંજયભાઈના જીવનમાં પણ એવું જ થયું. જીવનના એક પડાવે તેમનું કમર નીચેનું શરીર કામ કરતું બંધ થયું. હાથની શક્તિ પણ સીમિત બની. તેઓ હાથ ઊંચો પણ ના કરી શકે.. આવી સ્થિતિને શ્રી સંજયભાઈએ પડકાર તરીકે સ્વીકારી.

તેઓ સહેજે નાસીપાસ ના થયા. નિરાશ કે હતાશ થવાનો તો સવાલ જ નહોતો. જિંદગીએ પૂછેલા તમામ સવાલોના જવાબો તેમની પાસે હાજર હતા. (આમેય તેઓ ક્વિઝ માસ્ટર ખરા ને..) તેઓ કહે છે, મને ક્યારેય એવું લાગ્યું જ નથી કે મારા શરીરની કોઈ મર્યાદા છે. મને કાયમ એવું જ લાગ્યું છે કે એક નોરમલ વ્યક્તિ જે કરી શકે તે તમામ કાર્યો હું કરી જ શકું છું, હા, થોડાં સ્લો કરું છું, પણ કરી તો શકું જ છું. હું કોઈનાથી પાછળ છું તેવો વિચાર પણ મને આવ્યો નથી.

તો આ છે શ્રી સંજયભાઈનો મિજાજ.
આ છે તેમનો આત્મવિશ્વાસ.
આ છે તેમનો સ્વ-ભાવ.

સંજયભાઈ પોતાની આજુબાજુ નજર કરીને જોતા તો તેમને દેખાતું કે જેમની સ્થિતિ પોતાનાથી પણ બદતર છે તેવી વ્યક્તિઓ કેટલું સરસ કામ કરી રહી છે.

સંજયભાઈએ પોતાના જીવનની દરેક લડાઈનો મક્કમતાથી સામનો કર્યો અને જીત્યા. એએમએ સાથે સંકળાયેલાં અને વરિષ્ઠ મીડિયાકર્મી શ્રી માલતીબહેન મહેતા કહે છે કે તેમનામાં અનેક શક્તિ ઓ છે. ક્રિએટીવીટી તો છે જ, પણ તેઓ ઉત્તમ અને લોકપ્રિય શિક્ષક પણ છે. તેઓ શીઘ્ર અને સહજ રીતે શ્રોતાઓ સાથે સંવાદિતા સાધી શકે છે. શારીરિક મર્યાદાઓ તેમને સહેજ પણ નડતી નથી. એએમએના શ્રી ગણેશભાઈ કહે છે કે તેમને હું વર્ષોથી જોતો આવ્યો છું. તેઓ ચાલીને એએમએ આવતા ત્યારથી. તેમના ખૂબ જ શક્તિઓ છે. તેઓ બધાં જ કાર્યો કરી શકે છે. તેમનો ઉત્સાહ જોઈને આપણામાં પણ ઉત્સાહ આવી જાય. તેમના હાથ નીચે હજારો વિદ્યાર્થીઓ તૈયાર થયા છે.

દુનિયાનું કોઈ કામ સાધનો વિના નથી અટકતું, સાધના વિના અટકે છે. જો માણસની સાધના સો ટચની હોય તો માણસ ધારે તે કરી જ શકે. શ્રી સંજયભાઈએ એ જ કર્યું. તેઓ કહે છે કે મારી સામે જે સ્થિતિ છે, તેને સ્વીકારીને હું મારાથી થતું શ્રેષ્ઠ કામ કરું. આપણે જો બદલાઈએ તો સ્થિતિ પણ આપોઆપ બદલાય જ. જેમ કે મારો ડ્રાયવર નથી આવવાનો. જો હું એમ નક્કી કર્યું કે ડ્રાયવર વિના તો હું કશું ના કરી શકું, તો હું ના જ કરી શકું, પણ જો હું નક્કી કરું કે ડ્રાયવર નથી આવ્યો તો પણ મારે જે કરવાનું હતું તે હું કરીને જ રહીશ, તો મને રસ્તો સૂઝશે અને હું કરી શકીએ.

તો આ છે શ્રી સંજયભાઈની સફળતાનો ધોરી માર્ગ.

તેમણે ઘણાં પુસ્તકો પણ લખ્યાં છે. પોતાની પ્રથમ જોબના અનુભવો આધારિત લખેલું પુસ્તક **HALF GLASS FULL** બેસ્ટ સેલર થયું છે. નાનકડું પુસ્તક છે. તેનો ગુજરાતી અનુવાદ ડો. ભરત પટેલે અડધો ગ્લાસના નામે કર્યો છે. તેમનાં ઘણાં પુસ્તકો બેસ્ટ સેલર થયાં છે.

તેઓ જે ધારે છે તે કરે જ છે. તેમણે કરી બતાવ્યું છે. શ્રી સંજયભાઈ ચક્રવર્તીના જીવનમાંથી એ પણ શીખવા મળે કે માત્ર સફળતા પૂરતી નથી, સાર્થકતા પણ જરૂરી છે.

તેઓ સાર્થક જીવન જીવી રહ્યા છે. તેમનામાં ભારોભાર સંવેદના અને કરુણા છે. તેમનું હૃદય પ્રેમથી ભરેલું છે. તેઓ જેટલા
પ્રતિભાશાળી છે તેટલા જ પ્રતિબદ્ધ પણ છે.

તેઓ પોતાની માતાને ખૂબ ચાહતા. (આ સપ્ટેમ્બર, ૨૦૨૦માં તેમનાં માતાનું નિધન થયું.) પોતાના નામની પાછળ માતા સાધનાબહેનનું નામ લખાવતા. આવી તેમની માતૃભક્તિ. તેમના મિત્રો કહે છે કે પોતે શારીરિક મર્યાદાઓવાળા, તો પણ પોતાનાં માતાની ખૂબ કાળજી રાખતા.

પોતાની માતા પ્રત્યેનો તેમનો હૃદયભાવ જુઓઃ
સીધા સાધા ભોલા ભાલા મૈં હી સબ સે સચ્ચા હૂં,
કિતના ભી હો જાઉં, બડા માં આજ ભી તેરા બચ્ચા હૂં
આવા માતૃભક્ત શ્રી સંજયભાઈનો સંપર્ક નંબર ૯૮૨૫૦ ૨૨૬૦૨ છે.

# બાળકને જોઈ જે રીઝે, રીઝે બાળક જોઈ જેને, વત્સલમૂરત સ્નેહલ સૂરત, હૃદય હૃદયનાં વંદન તેને

**WhatsApp ઑફ ધી વીક**
**નેહલ ગઢવી**



એક વૃદ્ધાના સૌંદર્યની હલચલ,
આંખોનો મધુર અવાજ... બધું જાણે
એક જ ઝાટકે
થઈ ગયું સ્થિર...
મારા જન્મ સમયે
કપાયેલી
સંબંધક નાળ
ફરીને

- પન્નાલાલ નાયક

એક બાળકનો જન્મ થાય ત્યારે જે રીતે માતા ગર્ભમાંતી આ વિશાળ પૃથ્વી પર આવી પડ્યાની અનુભૂતિ નાળ કપાતાંની સાથે જ થાય છે; તે જ નાળ માતાના મૃત્યુ સમયે ફરી એક્વાર કપાઈ જાય છે. પહેલી વાર જયારે આ ગર્ભનાળથી વિખૂટું પડીને બાળક નવી દુનિયાને પોતાની નજરોથી જોતું થાય છે ત્યારે તેને જગતનું, લાગણીનું કે અન્ય કોઈ વળગણ કે સાનભાન હોતા નથી, પરંતુ, જયારે માતા મૃત્યુ પામે છે ત્યારે કોઈ પણ ઉંમરે, કોઈ પણ અવસ્થામાં રહેલું બાળક આ મૃત્યુને સ્વીકારવા અસમર્થ, અસહાય અને લાચાર બની બેસે છે. નવજાત શિશુનો તેની માતા સાથેનો સંબંધ દેવોને પણ પૃથ્વી પર અવતાર લેવા મજબૂર કરી ચૂક્યો છે એ વાતથી આપણે સૌ સારી રીતે વાકેફ છીએ જ. પણ જો, માતાની દૃષ્ટિએ જોવામાં આવે તો તે પણ પોતાના બાળકને હૃદયના ઊંડાણથી એક અતિ પવિત્ર બંધનમાં બાંધી દે છે. માતા અને બાળકનો આ સંબંધ પ્રભુ અને ભક્તની ભક્તિના સર્વોચ્ચ શિખર સમો હોય છે, માટે જ, કવિવર શ્રી ઉમાશંકર જોષી લખે છે કે,

બાળકને જોઈ જે રીઝે, રીઝે બાળક જોઈ જેને,
વત્સલમૂરત સ્નેહલ સૂરત, હૃદય હૃદયનાં વંદન તેને.'
જગત્ જનની જગદંબાની દિવ્ય સ્વરુપ ધારણ કરી શકે છે.

આજના આ યુગમાં જયારે 'આઝાદ'વિચારો અને 'સ્પેસ' એટલે કે અવકાશનું મહત્ત્વ સંબંધમાં ખૂબ વધી ગયું છે ત્યારે બાળકો મા-બાપથી થોડા વિખૂટા પડતા જણાય છે. જો કે, મા ગમે તેટલું કામ કરતી, ગમે તેટલું ભણેલી- ગણેલી હોવા છતાં આજે પણ અંદરથી એક સૌમ્ય અને વ્હાલસોયી પ્રેમની મૂર્તિસમાન જ છે. સમય સાથે બાળકને ઉડવા માટે પાંખો આપીને જ અંદરના ખાલી ખૂણાને પોતાની વ્યસ્ત જીવનશૈલીમાં છુપાવી દે છે અને ગમે તેટલી પ્રગતિ કરનાર અને હવામાં દૂર-દૂર સુધી ઉડનાર બાળકની નજર પણ પોતાની મા તરફ હોય છે. બાળકને પોતાની સફળતાનો સર્વશ્રેષ્ઠ અનુભવ જો કોઈ કરાવી શકે તેમ હોય તો તે માત્ર અને માત્ર 'મા'ની વાત્સલ્યપૂર્ણ 'આંખો' જ છે. 'મા' ની આંખોમાં છલકાતું ગૌરવ જોઈને બાળકને પણ પોતાની પ્રગતિનો બમણો અહેસાસ થાય છે. એક અવસ્થાએ પહોંચ્યા બાદ જે રીતે નાનપણમાં 'મા'ને આજુબાજુ ન જોઈને બાળકને જે અજંપો રહેતો તે હવે બાળકને આસપાસ ન જોતાં 'મા' ને રહ્યા કરે છે. ખાસ કરીને, જયારે 'મા'ને લાગે છે કે હવે વૃદ્ધ થઈ છે અને ગમે તે ક્ષણે યમદ્વારથી તેડું આવ્યું નીકળવાનું થસે ત્યારે તેને પોતાના સંતાનને મન ભરીને નિહાળવાની અને તેની સાથે વધુમાં વધુ સમય વિતાવવાની મમત જાગે છે. સંતાનને કયારેક 'મા'નું આ મમત્વ વણગણ સમું લાગે છે. પણ જયારે 'મા'દુનિયામાંથી વિદાય લે છે ત્યારે જે રીતે ગર્ભનાળમાંથી છેદાઈને આ દુનિયામાં આવી પડાયું છે એ જ પીડાનો બાળક અનુભવ કરે છે. ફરક માત્ર એટલો જ કે ત્યારે 'મા' અસહ્ય પીડા ભોગવી રહી હતી અને આજે તેનું બાળક!

વાલ્યાવસ્થા પછીની અવસ્થામાં બાળક અને માતા વચ્ચેનું અનુસંધાન થોડું છેદાય છે ચોક્કસ પણ માતા આજે પણ બાળકની ચિંતા કરવામાં કોઈ કચાશ રાખતી નથી. સ્ત્રી એ ઈશ્વરનું કેવું અદ્ભૂત સર્જન છે! એ એના જીવનમાં કેટકેટલા કિરદાર કેટલી સહજતાથી અને લાગણીથી નિભાવી જાણે છે. સાવ પારકા ઘરમાં પણ પોતાની જગ્યા બનાવી લે છે અને પારકાનેય પોતાના કરી જાણે છે. પણ અત્યારે વાત 'મા'ની કરવી છે માટે 'મા' નું જ એક જટિલ સ્વરુપ છે. 'સાવકી મા' . 'સાવકી મા' તે જ 'સાસુમા' માતાના આ બંને સ્વરુપને, સમજવા થોડા અઘરા છે પણજો બંને સંબંધને સુંદર રીતે અને પ્રયત્નપૂર્વક સીંચવાનો પ્રયત્ન કરે તો માતાનું આ જટિલ સ્વરુપ પણ ચોક્કસપણે મઘમઘી ઊઠે!

કોઈ પણ 'મા' પોતાના સંતાન માટે થોડી વધુ 'Protective' અને 'Possessive' હોય એ બાબત વ્યાજબી છે. પણ સમયની સાથે સાથે આ દોરી થોડી, ઢીલા મૂકતું જવું, અમુક તબક્કે તેના માટે, મુશ્કેલ બનતું જાય છે. પોતાના વ્હાલસોયા બાળકોના પ્રેમને અન્ય કોઈ સાથે ખેંચી ન શકવાના તેના પ્રેમને કે મોહને કારણે જ પ્રપંચો, ષડયંત્રો, કાવાદાવા અને કપટ કરનારી સ્ત્રી તે તેની ખુદની જાણ બહાર જ બની બેસે છે. તેમાં અન્યનું અહિત કરવા માટે નહિ પરંતુ પોતાના બાળકના હિત માટે વધુ પડતી કાળજી લેવી એ હેતુ રહેલો હોય છે. એક માતા પાસે દરિયા જેટલી વિશાળતા અગાધ અસીમ પ્રેમ રહેલો હોય છે. પણ એ જ દરિયાનું પાણી તમે એક મુઠ્ઠીમાં કેદ કરો ત્યારે દરિયાની તમામ ગુણવત્તા ધરાવનારું એ પાણી વિશાળતાનો ગુણધર્મ ગુમાવી બેસે છે. ખોબામાં રહેલું એ પાણી સીમિત રહી જાય છે અને એ જછે એક 'મા' ની મર્યાદા. 'મા' ની એ મર્યાદા ઓળંગાય ત્યારે જ તે રાતોરાત કોઈ ઉંમરે પહોંચેલું બાળક પોતાને એકલું અને લાચાર સમજવા લાગે છે. આ અસહ્ય આઘાતમાંથી એ આજીવન બહાર આવી શકવાને અસમર્થ રહે છે.

**Last seen :**

'જનેતા, જયારે યે જનમીશ જુદાં રૂપ ધરી તું,
મને પૂરી શ્રદ્ધા : લઈશ અમથી ઓળખી તને...
બને કે તું કો'દી જનમીશ તરુ થૈ ભવરણે,
તને હું છાયાથી લઈશ પારખી શીતલપણે ...
અમસ્તો ઘેરાઈ સજન ઘન કો ગ્રીષ્મઋતુમાં
ધરી રહેશે છાયા શઈર મુજ; થશે : એ તું, તું જ મા!

- nehalgadhavi101@gmail.com

# સગાવાદ (નેપોટીઝમ)એ લાંચ રૂશ્વતનાં કાયદા વિરોધી અપરાધમાં સમાવેશ થતો નથી

**કાયદો અને કાનૂન**
**અશ્વિન ત્રિવેદી**



શું સગાવાદ એ કાયદા મુજબ ભ્રષ્ટાચારની વ્યાખ્યામાં આવે છે ? ભારતમાં સગાવાદ (નેપોટીઝમ)નો દરેક ક્ષેત્રમાં દૂર ઉપયોગ કરવામાં આવે છે. તેમ છતાં સગાવાદને લાંચ રૂશ્વત વિરોધી કાયદા મુજબ અપરાધની શ્રેણીમાં ગણવામાં આવતો ગુનો નથી. રાજકીય રીતે સગાવાદનો દૂરઉપયોગ વારંવાર થતો આવ્યો છે. જે લોકતંત્ર તથા ન્યાયતંત્ર ઉપર ઉધઈ જેવું કાર્ય કરે છે. રાજતંત્ર દ્વારા સગાવાદનાં ઉપયોગથી લોકતંત્ર ઉપર ગંભીર અસરો ભ્રષ્ટાચાર નાબૂદી ઉપર પડતી રહે છે. સગાવાદએ કલ્પી નાં શકાય એવા ભ્રષ્ટાચારનો સૌથી નિમ્ન પ્રકાર ગણવામાં આવે છે. જે વ્યક્તિઓને તક મળે છે તે કયારેય તે પદ માટે લાયક હોતા નથી તેમ છતાં સગાવાદનાં કારણે આવા પદો ઉપર આરૂઢ થાય છે અને ભ્રષ્ટાચાર ને છાવરે છે. પછી તે રાજકીય પાર્ટીમાં હોય કે સરકારનાં ઉચ્ચ હોદ્દામાં હોય અગર તો ન્યાયતંત્રમાં હોય, સગાવાદ અને પક્ષપાત એકબીજાનાં પર્યાય છે.

દિલ્હી હાઈકોર્ટમાં આ મુદ્દે કાનૂની પ્રશ્ન ઉપસ્થિત કરવામાં આવ્યો છે અને સગાવાદને ભ્રષ્ટાચારની વ્યાખ્યામાં ગણી પ્રતિબંધ મૂકવા માંગણી કરેલ છે. દિલ્હી વુમન કમીશનનાં ચેરપર્સને કરેલ ભરતીનાં મુદ્દે આખો મામલો દિલ્હી હાઈકોર્ટ સમક્ષ આવતા નીચલી અદાલતની કાર્યવાહી ઉપર સ્ટે મૂકી હાઈકોર્ટે જણાવ્યું કે, આ આખો મામલો વિચારણા માંગી લે તેમ છે. રાજકીય પદો અને જાહેર હોદ્દાઓમાં સરેઆમ સગાવાદથી પોષાતો રહ્યો છે. તેમ છતાં ભ્રષ્ટાચારની વ્યાખ્યામાં સમાવેશ કરવામાં આવ્યો ના હોય આંખ આડા કાન થતાં આવ્યા છે.

વડી અદાલતોની નિમણૂકો તથા યુનિવર્સિટીનાં વાઈસ ચાન્સેલર્સની નિમણૂકમાં સગાવાદ ઉડીને આંખે વળગે એ રીતે થતો આવ્યો છે. તેમજ આવી રાજકીય નિમણૂકો સામે પ્રશ્નાર્થ સર્જાતા આવ્યા છે, પરંતુ કાયદાકીય રીતે તેનો કોઈ ઉપાય નથી. ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમાં કિંમતી વસ્તુઓ અથવા નાણાંકીય લાભો મેળવે તેને જ લાંચ રૂશ્વતમાં ગણવામાં આવે છે. ઉચ્ચ હોદ્દામાં સગાવાદ થાય તેને ભ્રષ્ટાચારમાં કાયદાકીય રીતે ગણવામાં આવતો નથી. તેથી તેનો બેફામ દૂરઉપયોગ ઉચ્ચ હોદ્દામાં થતો આવે છે. જો કે આ નૈતિક રીતે અયોગ્ય ગણવામાં આવે છે, પરંતુ નૈતિકતા અને કાયદાકીય ટેકનીકલ રીતે ઘણો ભેદ છે. સગાવાદએ પદનો ભ્રષ્ટ દૂરઉપયોગ છે. ભ્રષ્ટ હોવા છતાં આવો અપરાધ કાનૂની દ્રષ્ટીએ અપરાધની વ્યાખ્યામાં સમાવેશ કરવામાં આવતો નથી, તેથી આવી નિમણૂકો આપી નાણાંકીય ફાયદો જે તે અધિકારીએ મેળવ્યો હોય તો તે ગુનો જ નથી બનતો. પ્રથમ દ્રષ્ટીએ ભેદભાવ જોવામાં આવતો નથી.

હોદ્દાનો ભ્રષ્ટ ઉપયોગ એ ખોટું છે, પરંતુ ભ્રષ્ટાચાર નિવાપ્રણ અધિનિયમ મુજબ દરેક ભ્રષ્ટ ઉપયોગ એ ગુનો નથી. ગુણવત્તાનો કોઈ માપદંડ ના હોય સમાન ગુણવત્તાવાળી વ્યક્તિમાાથી એક ને પસંદગીમાં સમાવેશ થાય તો તે ગુનો બનતો નથી. કારણ કે ગુણવત્તાઓ કોઈ જ માપદંડ નથી તેવી સત્તાપક્ષ તરફ વલણ રહે તો સ્વાભાવીક છે. દરેક ક્ષેત્રોમાં રાજકીય મહેરબાની, લાગવગ, સગાવાદથી મળતા પદ હોદ્દેદારો રાજકીય પક્ષનાં નજીકનાં હોય છે. જેમાં સક્ષમ અને કાબેલ શબ્દોની વ્યાખ્યા પર બહુ મોટો આધાર રહે છે. બોર્ડ નિગમોની ભરતી તથા હોદ્દામાં યોગ્યતા કે લાયકાત બાજુએ મૂકી સગાવાદને જ પોષવામાં આવે છે. રાજકીય પદનાં ફાયદા ઘણા છે. જેમાં આડકતરી રીતે નાણાંકીય કરતા વધારે ફાયદા ઉઠાવતા હોય છે. અન્યનાં કાય કરી પાછલા બારણે આવા નિમણૂક પામનાર ધનપતિ બની જતા હોય છે. ઓળખીતાઓને નિમણૂક આપવી એ ગુનાહીત વર્તણૂક નથી, તેવી દલીલો કરી પૂર્ણવિરામ મૂકવામાં આવે છે.

સત્તાનાં દૂરઉપયોગ એ વ્યક્તિની લાયકાતને ખતમ કરી નાખે છે અને ''મિડિયોકર્સ'' નો વિજય થાય છે. જે કોઈપણ સંસ્થા માટે અભિષાપ રૂપ છે, પરંતુ ભરતીમાં સગાવાદમાં કોઈ ગુનાહીત ષડયંત્ર પ્રથમ નજરે પકડી શકાતું નથી, તેથી તે ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમની બહાર છે. જેનો દૂરઉપયોગ દરેક ઉચ્ચ હોદ્દેદાર કરતો આવે છે અને સગાવાદને પોષતો આવે છે, જે પાછલા બારણે ભ્રષ્ટાચારને નોતરે છે.

સગાવાદએ મેરીટનો સૌથી મોટો દુશ્મન છે, જયાં વગર હરિફાઈથી પક્ષપાતથી જીત મેળવાય છે. આજે ઓળખાણનો લાભ લેવો એ સામાન્ય ગણવામાં આવે છે. ભારત જ નહી વિદેશ પણ આનાથી બાકાત નથી, ખરેખર તો મેરીટવાળા વ્યક્તિને અન્યાય જ થાય છે. તેમ છતાં કોઈ બોલતુ નથી કે તેનો વિરોધ જાહેરમાં કરવાની હિંમત નથી. એકબીજાને સાચવી લેવાની વાત હોય છે. ''હું સારો ને તમેય સારા'' તે ઉક્તિ આવા કામે લાગે છે. વિવિધ જ્ઞાતી મંડળો પણ આમાથી બાકાત નથી. લાયક તેમજ ગુણવત્તાવાળી વ્યક્તિ ''સારા ને બદલે મારા'' ને નિમણૂક આપવી એ સંસ્થાને ઉધઈની જેમ કાતરવાનું કામ છે. તેમ છતાં સગાવાદ, જ્ઞાતીવાદ, મારાપણું જયાં સુધી નાબૂદ નહી થાય ત્યાં સુધી ગુણવત્તાવાળા લોકોને અન્યાય થતો જ રહેશે. સગાવાદને ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમમાં સમાવેશ કરવો એ સમયની માંગ છે.

મો. ૯૮૨૫૪ ૫૦૧૯૧,
www.trivediassociates.in